**ગુજરાત સરકાર**
ડીનશ્રીની કચેરી
બી.જે.બી.જે.મેડીકલ કોલેજ,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ,અમદાવદ
પિન કોડ: ૩૮૦૦૧૬
Website: www.bjmcabd.edu.in
Email: dean-bjmc-ahm@gujarat.gov.in
Phone No.:(+91)079-22681024

ક્રમાંક: બીજેમેકો/ડેવ.સોસાયટી/ ID Card / જા.ખ./ 76-78 /૨૦૨૪ — તા.૨૯/૦૧/૨૦૨૪

**તબીબી વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને અન્ય સ્ટાફ માટે ID Card છાપકામ કરાવવા અંગે ભાવ મંગાવવા માટેની જાહેર ખબર**

અત્રેની કોલેજના શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ તથા અન્ય સ્ટાફ માટે ID Card છાપકામ કરાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આથી આ અંગે ID Card ના છાપકામ માટેની કામગીરી કરતાં હોઈ / ડીલરશીપ રજીસ્ટ્રેશન ધરાવતા હોય તો તેવી કંપની/એજન્સીના સ્પર્ધાત્મક ભાવો નીચેના કોષ્ટકની વિગતોએ અને શરતોને આધિન રહીને મંગાવવામાં આવે છે.

| અ.નં. | વિગત / સ્પેશીફિકેશન | નંગદીઠ મુળ ભાવ રૂા. | જી.એસ.ટી. % | કુલ ભાવ રૂા. |
|---|---|---|---|---|
| ૧. | ID Card Preparation for Staff Both side colour Printing with Smart card type and Students One side colour Printing with Smart card type including card cover & cord | | | |

**શરતો :–**

(૧) કંપની/એજન્સીના ભાવો સીલબંધ કવરમાં સુવાચ્ય અક્ષરોમાં અને કંપનીના લેટરપેડમાં ટાઈપ કરી આપવાના રહેશે. અને કવર ઉપર **"ID Card" છાપકામ કરાવવા અંગેનું કવોટેશન"** તેવુ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૨) કંપની / એજન્સીના ભાવ તમામ ટેક્ષ / કરવેરા સહિત ભરવાના રહેશે અને સૌથી ન્યુન્તમ ભાવ હશે તેવા ભાવ અત્રેની કચેરીની પરચેઝ કમિટી મારફતે મંજુર કરવાપાત્ર થશે.

(૪) કંપની / એજન્સી ધ્વારા અત્રેની કોલેજના નિયત ID Card ને તૈયાર કરી સેમ્પલ તરીકે મંજુરી અર્થે રજુ કરવાના રહેશે.

(૫) કંપની / એજન્સી ધ્વારા અત્રેની કોલેજના નિયત ફોર્મમાં ભરેલ વિગતો મુજબ ID Card ને તૈયાર કરવાના રહેશે. તૈયાર થયેલ ID Card ની નકલ ચેક કરવા માટે અત્રેની કચેરીને અચુક રજુ કરવાની રહેશે. જે ID Card ના નકલ ચેક થયા બાદ ફાઈનલ પ્રુફ રીડીગ પ્રમાણે પ્રિન્ટ કરી અત્રેની કચેરીને તૈયાર કરેલ ID Card ને યાદી સહિત રજુ કરવાના રહેશે.

(૬) કંપની / એજન્સી ધ્વારા અત્રેની કચેરીના નિયત ફોર્મની વિગતો મુજબ ID Card તૈયાર થયેલ ન હશે અથવા ID Card ની વિગતો ચેક કર્યા વિના ફાઈનલ પ્રિન્ટ કરી આપવામાં આવશે તો તેને સ્વીકારવામાં આવશે નહી તેમજ તેના ખર્ચ પણ અત્રેની કચેરી ધ્વારા મંજુર કરવામાં આવશે નહી.

(૭) પરચેઝ કમિટી મારફતે મંજુર કરેલ ભાવો પ્રમાણે જ અને મંજુર થયેલ ID Card ના સેમ્પલ મુજબ સંતોષકારક રીતે થયેલ છાપકામના બીલો ચાલુ નાણાંકીય વર્ષમાં મોકલવાના રહેશે.અને અત્રેની કચેરીને બીલ મળ્યા બાદ દિન–૧૫ સુધીમાં ચુકવણાં કરવામાં આવશે.

(૮) ID Card છાપકામની ગુણવત્તા તથા ડીઝાઈન ડીનશ્રીની કચેરી હસ્તકની કમિટી નકકી કરશે. અને માંગણી મુજબ હશે તો જથ્થો ચલણથી સ્વીકારવામાં આવશે.

(૯) કંપની/એજન્સીના ભાવો મેમ્બર સેક્રેટરીશ્રી, બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬ ખાતે પહોચાડવાના રહેશે. ટ્રાન્સપોર્ટ / ટ્રેન મારફતે મોકલાવેલ ચીજવસ્તુઓનું ભાડુ અત્રેથી ચુકવવામાં આવશે નહી.

(૧૦) ચેકચાકવાળા, ઓવરરાઈટીંગવાળા તથા સીલબંધ કવરમાં ન હોઈ તેવા તેમજ નિયત સમય કરતા મોડા આવેલ ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી અને રદ કરવામાં આવશે. અને જે અંગેની કોઈપણ પ્રકારની જાણ અત્રેની કચેરીએથી કરવામાં આવશે નહી.

(૧૧) કવોટેશનમાં કવર ઉપર અત્રેના જાહેરાત ક્રમાંક તેમજ કવોટેશન સ્વીકારવાની છેલ્લી તારીખ અવશ્ય લખવાની રહેશે.

(૧૨) ઉપરોક્ત સ્પેશીફિકેશન મુજબ છાપકામ થયેલ જથ્થો સમય મર્યાદામાં મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે. સમયમર્યાદા બાદ સ્વીકારવામાં આવશે નહિ.

(૧૩) ઉપરોક્ત **ID Card** છાપકામ માટે થયેલ ખર્ચના બીલની મુળ રકમ ઉપર નિયમોનુસાર ઈન્કમટેક્ષના સ્લેબ મુજબ ટી.ડી.એસ. અને જી.એસ.ટી. ડી.એસ. કપાત કરવામાં આવશે.

(૧૪) ઉકત દર્શાવેલ જાહેર ખબર અને **ID Card** છાપકામ કામગીરીના તમામ હક્ક/નિર્ણય અત્રેની કચેરીના ડીનશ્રીને આધિન રહેશે.

ઉપરોક્ત **ID Card** છાપકામ અંગેની કામગીરીના ક્વોટેશન સીલબંધ કવરમાં તા.૦૭/૦૨/૨૦૨૪ ને સાંજના ૫–૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ રૂબરૂ કે ટપાલ મારફતે મોકલવામાં આવેલ ક્વોટેશન સ્વીકારવામાં આવશે નહી.

મેમ્બર સેક્રેટરી
બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,
અમદાવાદ

સ્થળ :– અમદાવાદ
તા.૨૯/૦૧/૨૦૨૪

- કોલેજ વેબસાઈટ www.bjmcabd.edu.in અને કોલેજ નોટીસ બોર્ડ
- પરચેઝ કમિટી, બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,અમદાવાદ તરફ જાણ સારું.